# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ **website : forumjunagadh.pgvcl@gebmail.com**

**CIN:U40102GJ2003SGC042908**


પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૭/ક્વા-૦૨/૨૦૨૦-૨૧/૭૨ તા.૦૯/૧૦/૨૦૨૦

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૩૭/ક્વા-૦૨/૨૦૨૦-૨૧**

અરજદાર: શ્રી જસવીંદરસિંઘ બલ ગામ – જામનગર

સબડીવીઝન: સિક્કા

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી જામનગર શહેર-૨

**:: કોરમ ::**

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |
| ૩) મેમ્બર ટેકનીકલ | : | શ્રી કે.વી.ભટ્ટ |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી,જામનગર

તારીખ: શુક્રવાર (૧૮.૦૯.૨૦૨૦)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૧૮.૦૯.૨૦ (શુક્રવાર)નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

**:: અરજદારની રજૂઆત ::**

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, સી જી આર એફ કમિટી નાં નિર્ણય મુજબ પીજીવીસીએલ જામનગર ખાતે ખૂટતા કાગળો પૂરા કરી આપેલ છે.જામનગર કચેરી દ્વારા અમોને એવો જવાબ પત્ર નં. ૪૭૩૭/૨૩.૦૬.૨૦ અને ૫૨૬૩/૧૦.૦૭.૨૦ મળેલ છે,જેમાં રૂ.૧૮૫૦૦/- જે અમોએ લોક અદાલત માં ચેક આપેલ હતો પણ જામનગર કચેરી દ્વારા એમ માનવા માં આવે છે,કે એ રૂ. ૧૮૫૦૦/-,GSFC RAJKOT એ ભરેલ હતા પણ હકીકત તે નથી અમોએ એ પૈસા ભર્યા પછી અમો ને નો ડયુ સર્ટિફિકેટ (ગ્રાહક નં.-૮૨૧૪૪/૦૦૧૦૨/૨ સિક્કા પેટા વિભાગીય કચેરી, ૨૮૪૫/૦૨.૧૨.૧૧ નાં રોજ

આપેલ છે.)અમોએ ટોટલ બાકી રહેતા પૈસા તા.૦૨/૧૦/૨૦૧૧ ની લોક અદાલત માં ભર્યા હતા.અને તેના પેટે ચેક આપેલ હતો અને જે પાસ થતાં તા. ૦૨/૧૨/૨૦૧૧ નાં રોજ નો ડયુ સર્ટિફિકેટ મેળવેલ હતું.અમારો મુદ્દો એ છે કે, સી જી આર એફ કમિટી દ્વારા માંગેલ કાગળો પૂરા કર્યા બાદ,લોક અદાલત માં પૈસા ભર્યા બાદ જે અગાઉ GSFC RAJKOT એ ચેક થી પેમેન્ટ અમારા વતી ભરેલ હતો તેનો રૂ. ૭૪૦૦૦/- નો પૂરેપૂરી રકમ વ્યાજ સાથે અમોને પરત આપવા માં આવે.કારણકે,પી જી વી સી એલ નાં બિલ પેમેન્ટ લેટ કરીએ તો તેનો પૂરેપૂરો વ્યાજ સાથે લેવામાં આવે છે.અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 ઉપરોક્ત વિષય અને સંદર્ભ અંગે જણાવવાનું કે,ગ્રા.નં. ૮૨૧૪૪/૦૦૧૦૨/૨ રાની બેવરેજીસ ના પ્રતિનિધિ શ્રી જશવિન્દરસિંઘ દ્વારા આપશ્રીને ઉદેશીને અપાયેલ તેમજ અત્રેની ઓફિસ ને નકલ અપાયેલ પત્ર તા.૧૫.૭.૨૦૨૦ માં જણાવેલ કે રૂ ૧૮૫૦૦/- નો લોક અદાલત માં ચેક આપેલ છે પરંતુ હકીકતે રૂ.૧૮૫૦૦/- નો ચેક તેઓ દ્વારા લોકઅદાલત માં આપવામાં આવેલ નથી. અને જી.એસ.એફ.સી.દ્વારા રાનીબેવરેજીસ વતી કોર્પોરેટ ઓફિસ માં જમા કરાવેલ જે સિક્કા પેટા વિભાગ દ્વારા રૂ ૭૪૦૦૦/- જમા આપવામાં આવેલ તેમાથી સિકકા પેટા વિભાગ દ્વારા રૂ ૧૮૫૦૦/- બાદ કરીને એન ઓ સી આપવામાં આવેલ છે.

3.૧ ત્યારબાદ ગ્રા.નાં. ૮૨૧૪૪/૦૦૧૦૨/૨ રાની બેવરેજીસ ના પ્રતિનિધિ શ્રી જશવિન્દરસિંઘ દ્વારા આપશ્રીને ઉદેશીને અપાયેલ તેમજ અત્રેની ઓફિસ ને નકલ અપાયેલ પત્ર તા.૧૬.૭.૨૦૨૦ માં જણાવેલ કે તા.૨.૧૦.૧૧ ના રોજ લોક અદાલત માં ૧૮૫૦૦/- ની રકમ ભરેલ ( જેની વિગત ચેક/રોકડ) જે વિગત તેઓ પાસે મળતી નથી.

3.૨ તેમજ ગ્રા.નાં. ૮૨૧૪૪/૦૦૧૦૨/૨ રાની બેવરેજીસ ની ૧૪૫ પી.આર.ટી. નો અભ્યાસ કરતાં તેમાં રૂ ૧૮૫૦૦/- તેઓ દ્વારા ભરવામાં આવેલ નથી. જે ગ્રા.નાં. ૮૨૧૪૪/૦૦૧૦૨/૨ રાની બેવરેજીસ ની ૧૪૫ પી.આર.ટી આ સાથે સામેલ કરેલ છે.

3.3 ગ્રા.નાં. ૮૨૧૪૪/૦૦૧૦૨/૨ રાની બેવરેજીસ ના પ્રતિનિધિ શ્રી જશવિન્દરસિંઘ દ્વારા જણાવવામાં આવેલ છે.કે તેઓના ભાગીદારો વચ્ચે ના પ્રશ્નો ને કારણે તેમજ તેઓના શ્રી ખુશાલદાસ ગાંગતણી ગામ મૂકીને ચાલ્યા ગયા હોઈ કમિટી ના નિર્ણય મુજબ ના સદર દસ્તાવેજીક પેપર્સ તેઓ દ્વારા પીજીવીસીએલ માં રજૂ કરવામાં મોડુ થયેલ છે.

3.૪ રાની બેવરેજીસ ના પ્રતિનિધિ શ્રી જશવિન્દરસિંઘ ના ઉપરોક્ત પત્રમાં રીફંડ ની રકમ ના વ્યાજ ની માંગણી કરવામાં આવેલ છે. જેનો જવાબ અત્રેની કચેરી ના પત્ર જેસીડી-૨/રેવ/લીગલ/૪૭૩૭ તા ૨૩.૬.૨૦ અને જેસીડી.૨/રેવ/લીગલ/૫૨૬૩ તા. ૧૦.૭.૨૦૨૦.થી આપવામાં આવેલ કે સીજીઆરએફ/૪૮/કવા-૦૩/૧૪-૧૫ કમિટી ના નિર્ણય માં સ્પસ્ટ જણાવવામાં આવેલ છે. તેઓને આપવાની થતી રી ફંડ રકમ અંગે કમિટી ના નિર્ણય મુજબ ના સદર દસ્તાવેજીક પેપર્સ તેઓ દ્વારા પીજીવીસીએલ માં રજૂ કરવાના હતા. સદર દસ્તાવેજીક પેપર્સ તેઓ દ્વારા પીજીવીસીએલ માં રજૂ બાદ જ રી ફંડ આપી શકાય. આમ તેઓને આપવાની થતી રકમ નું વ્યાજ આપવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી.

## :: હુકમ ::

૪.૦ અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ અરજદારશ્રી ને અગાઉ સીજીઆરએફ ના હુકમનં. પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૮/કવા-03/13-૧૪/૯૦૭૧ તા.૨૨.૦૯.૧૪ ના રોજ જે હુકમ ફોરમ દ્વારા આપવામાં આવેલ તે મુજબ અરજદારશ્રી એ તમામ દસ્તાવેજી પેપર્સ રજુ કરી આપેલ છે.

૪.૨ સદર બાબતે પીજીવીસીએલ કંપની દ્વારા ગ્રાહકશ્રીને વળતર ચૂકવવામાં મોડુ થયેલ હોય તો જે તે સમયના કર્મચારીશ્રી/અધિકારીશ્રી સામે કંપનીના નિયમાનુસાર કાયદેસર ની કાર્યવાહી કરવી અને તેની જાણ ફોરમ ને કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

૪.3 અરજદારશ્રી ને પીજીવીસીએલ પક્ષકાર,અરજદારની માંગણી મુજબની પીજીવીસીએલ ની નિયમાધીન પ્રણાલી હેઠળ,અરજદારશ્રી ને-પીજીવીસીએલ માં ચુકવણી થયેલ વધારાની રકમ,પરત કરવા માટેની પીજીવીસીએલ પક્ષકાર ને અરજદાર શ્રી ને વહેલી તકે વળતર ચૂકવી આપવા યોગ્ય કાર્યવાહી હાથ ધરવી.સદર કેસ માં, તે પ્રમાણે બંને પક્ષકારોને અત્રે ફોરમ દ્વારા હુકમ આપવામાં આવે છે.

૪.૪ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| શ્રી એન.એસ.પંડયા | શ્રી કે.વી.ભટ્ટ | શ્રી બી.પી.બુચ |
|---|---|---|
| સ્વતંત્ર સભ્ય | મેમ્બર (ટેકનીકલ) | ચેરપર્સન |

નોંધ:-

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-30 માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું : વિધુત લોકપાલની કચેરી, બ્લોક નં. 3, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-3૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯